જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,૨૫૬૩૦૩૦૦,૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

**તા.૧/૩/૨૦૧૪ શનિવાર**

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**શહેર પોલીસ ધ્વારા કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરીઃ-** **સમાચાર યાદી નં.૬૦૩/૧૪**

**વટવા પોલીસ સ્ટેશન :-**

વટવા પોલીસ સ્ટેશન ફ.ગુ.ર.નં.૭૦/૨૦૧૪ ઇ.પી.કો કલમ ૩૬૩, ૩૬૬ મુજબના કામના ફરીયાદી શ્રી દશરથભાઇ વઢીયારી (દેવીપુજક) ઉ.વ ૪૫ રહે ક ચામુન્ડાનગર, હેતલપાર્ક ની બાજુમાં, ગેબનશા પીર દરગાહની પાસે, ઇસનપુર રોડ, વટવા, અમદાવાદ નાઓની ફરીયાદના કામે ૨૭/૨/૧૪ ના કલાક ૧૧.૦૦ થી ૧૪.૦૦ દરમ્યાન કોઇ પણ સમયે કોઇ અજાણ્યો ઇસમ આરોપીએ ફરી.શ્રીની દિકરી તેજલ ઉ.વ ૧૭ તથા ફરી.ના દિકરાનો દિકરો પૌત્ર રાહુલ ઉ.વ ૩ તથા ફરી.ના સાળા સાહેદની રમેશભાઇ ની દિકરી રમીલા ઉ.વ ૧૯ તથા પાયલ ઉ.વ ૭ તથા દિકરો રવી ઉ.વ ૫ નાઓને લલચાવી ફોસલાવી ભગાડી લઇ ગયા અંગેની પો.સ.ઇ શ્રી એન.આર.કોટવાલ નાઓ રૂબરૂની ફરીયાદ ઉપરોક્ત નંબરથી કલાક ૦૨.૧૪ વાગે દાખલ થઇ વધુ તપાસ અર્થે અમારી તરફ આવતા અમોએ તપાસ સંભાળી લઇ અમોએ તથા સીની. પો.ઇન્સ.શ્રી એચ.જે.ચૌધરી સા. તથા સર્વેલન્સ સ્કોડના પો.સ.ઇ શ્રી જે.એન.ગોસ્વામી તથા સ્ટાફના માણસો ની મે.ના.પો.કમિ. શ્રી ઝોન-૬ સા. તથા મ.પો.કમિ. શ્રી જે વિભાગ સા.નાઓની સુચના અને માર્ગદર્શન મુજબ અલગ અલગ ટીમો બનાવી સઘન તપાસ કરતા ઉપરોક્ત પાંચેય પૈકી રમીલાબેન ઉ.વ ૧૯ તથા ઉપરોક્ત સાથેના ચારેય બાળકો મહેસાણા રાધનપુર ચોકડીથી તા:૨૮.૨.૧૪ ના રોજ મળી આવેલ છે અને તેઓનો કબ્જો તેમના માબાપ ને સોંપેલ છે. હાલમાં તપાસ ચાલુ છે.

નાયબ પોલીસ કમિશનર
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર
પોલીસ કમિશનર વતી.